ગાંધીનગર સમાચાર

મહત્તમ : ૩૭.૬ ડીગ્રી
લઘુતમ : ૨૩.૮ ડીગ્રી
ભેજ
સવારે ૩૩ ટકા ● સાંજે ૧૫ ટકા

ગાંધીનગર તાપમાન

# શહેરમાં ભિક્ષુકોની વધતી જતી સંખ્યા

## ભિક્ષુકોને પૈસા નહીં પણ માત્ર ભોજન અને કપડાં જ આપવાની શહેરીજનોની અપીલ

ગાંધીનગર, તા.૨૨

શહેરમાં માર્ગો ઉપર સતત ભીખ માંગવાવાળાઓની સંખ્યા વધતી જોવા મળી રહી છે. ચાર રસ્તા ઉપર રેડ સિગ્નલ થતાંની સાથે ચારે તરફ નાના બાળકોથી વયોવૃધ્ધ ભીખ માંગતા નજરે ચઢે છે. ગાંધીનગરમાં અગાઉ વર્ષોમાં નજર કરીએ તો ભીખ માંગવાવાળા જોવા મળતા જ નહોતા પાટનગરમાં ગરીબો નાનો નાનો ધંધો કરીને પોતાની રોજીરોટી કમાતા જોવા મળે છે. જયારથી ગ્રીનસીટીમાં ટ્રાફિક સિગ્નલ શરૂ કરવામાં આવ્યા છે ત્યારથી ભીખ માંગવાવાળાઓની એકાએક સંખ્યા વધી ગઈ છે. નાગરિકો પણ તેમનાથી પરેશાન થઈ રહ્યા છે.

શહેરમાં મંદિરો, ટ્રાફિક સિગ્નલો, માર્કેટમાં બગીચાઓમાં ભિખારીઓ દ્વારા શહેરીજનોને પરેશાન કરવામાં આવી રહ્યા છે. તાજેતરમાં જ પાટનગરમાં એક ભિખારી દ્વારા મહિલાને અભદ્ર ટીપ્પણીઓ અને ખરાબ વર્તણુંક કરવામાં આવી હતી. જાહેરમાં ટ્રાફિક સિગ્નલોવાળા માર્ગો પર આવી ઘટના બની રહી છે ત્યારે ભિખારીઓ પ્રત્યે રોષની લાગણી પ્રસરી રહી છે જેમાં નિર્દોષ ભિખારી વર્ગ પણ રોષની લાગણીનો ભોગ બની જતો હોય છે.

જયારે પણ આપણે રસ્તા પર કોઈ વ્યકિતને ભીખ માંગતા જોઈએ ત્યારે આપણા મનમાં દયા ભાવ આવે છે અને આપણે તેને પૈસા આપીએ છીએ. આમ જોઈએ તો કોઈ પણ વ્યકિત પોતાની મજબૂરીથી ભીખ માંગતું હોય છે કે તેની પાસે ન હોવાથી તે ગમે તેમ કરીને પોતાના બે વખતનાં ભોજન માટે ભીખ માંગતા હોય છે. જો કે કેટલાક માણસો આપણા વિચારનો ફાયદો ઉઠાવતા હોય છે મળતી માહિતી મુજબ અમુક અસામાજિક તત્વો દ્વારા ગેંગ ચલાવવામાં આવે છે જેમાં મોટા પ્રમાણમાં ભિખારીઓને અમુક અમુક સ્થાને મુકવામાં આવે છે. ટ્રાફિક ઓછો થતાંની સાથે જ આ માણસો કયાંક ગાયબ થઈ જાય છે તે ખબર જ નથી પડતી. કયા સમયે કયાંથી આવતા હોય છે અમુકને પૂછવામાં આવતા અમદાવાદ અને આસપાસના વિસ્તારમાંથી આવતા હોવાનું જણાવતા હોય છે. શહેરમાં ચોરીની ઘટનાઓ પણ વધી રહી છે. નાગિરકો ગાંધીનગરમાં પોતાનો અડ્ડો જમાવી રહેલા આ ટોળકીના કારણે રોષની લાગણી વ્યકત કરી રહ્યા છે. આ ગેંગ ઉપર કોઈ મોટા મોટા માણસોની સંડોવણી હોવાની માહિતી પણ મળી રહી છે. નાગરિકોએ પૈસા ન આપતા માત્ર નાસ્તો અને કપડા આપવા જોઈએ જેથી પૈસાનો ગેરલાભ ન ઉઠાવી શકે. દારૂ, જુગાર, ખરાબ કામોમાં પૈસા વેડફી નાંખતા માણસોને પૈસાની કિંમત હોતી નથી. ખોટા ખોટા નાટકો કરીને શહેરીજનો પાસેથી પૈસા માંગતી આ ટોળકીને માત્ર ખાવાનું અને કપડાં આપવા જાહેર અપીલ કરવામાં આવે છે. જમવાનું અને કપડાં આપવા એ પણ એક મોટું દાન ગણાય છે.

●●●



ગાંધીનગરમાં કેટલાક ભિખારી શારીરિક રીતે હૃષ્ટપુષ્ટ હોવા છતાં લગરવગર કપડાં પહેરીને ભીખ માંગે છે. ચોરી કરવાનો પ્લાન પણ કરતા હશે કોઈ પણ ભિખારીને રોકડ નાણાં આપવા ન જોઈએ. રોકડ નાણાં આપવાથી દારૂ વગેરે પીતા હોવાનું જણાય છે. ગાંધીનગરમાં રહેતા ભીખારીઓમાં કેટલાંક ઝૂંપડાઓમાં રહે છે અને આવા ઝુંપડાઓમાં ટીવી, ફ્રીઝ જોવા મળે છે તથા ઝુંપડા આગળ રીક્ષા, બાઈક, સ્કૂટર કે ચાર પૈડાવાળું માલવાહક સાધન દેખાય છે. આથી ભીખારીઓની સંખ્યા ઘટાડવા માટે રોકડ નાણાં કદાપી આપવા નહીં.

**- સાંકાભાઈ પટેલ, પ્રમુખ, સદભાવ ટ્રસ્ટ, સે-૨૩**

●●●



દયા, પ્રેમ, લાગણી એ આપણી સંસ્કૃતિની દેન છે. પણ વર્તમાન ભિક્ષુકોની માયાજાળ એક અનોખી દેન છે. ભિક્ષુકોની ભીતરમાં ડોકીયું કરીએ તો તેઓ મોટાભાગે સુખી હોય છે. એક સેકટરમાં જાણીતા મંદિરમાં ભીખ માંગતા ભીખારીને પોતાનું બે માળનું મકાન છે. નાનું બાળક લઈને આવતી મહિલાઓ કયારેક ઉછીનું બાળક લઈને આવે છે આમાં પણ તેઓ ધંધા કરતા હોય છે. દાન કરવું જ હોય તો ત્રિક્ષુકને ખાવાનું કે કપડાં આપવા, રોકડ કદાપી નહીં. સૌથી ઉત્તમ છે કે તેમને શહેરની હદપાર કરવા જોઈએ. શહેરની ગુનાહિત પ્રવૃત્તિમાં પણ તેમના છેડા કયાંક અડતા હોય છે.

**- પોપટલાલ પ્રજાપતિ, પ્રદેશ મહામંત્રી**

●●●



ગાંધીનગરમાં આજકાલ ભિખારીઓની સંખ્યામાં વધારો જોવા મળે છે. મંદિર આગળ, બાગ-બગીચા આગળ નાના બાળકોથી લઈ વૃધ્ધ ભિખારીઓ મોટી સંખ્યામાં જોવા મળે છે. ગાંધીનગરના માણસો દયાળુ અને મદદગાર છે. પણ મારા મતે આવા ભિખારી માણસોને પૈસા આપવા ન જોઈએ તમારે દાનપુણ્ય કરવું હોય તો ખાવાની ચીજ વસ્તુ કે કપડા આપવા જોઈએ. ભિખારીના સ્વાંગમાં લૂંટ પણ થાય છે. તેમની મોટી ટોળકી બાળકોની તસ્કરી પણ કરે છે. માટે આવા માણસોથી સાવચેતી રાખવી જરુરી છે.

**- લત્તા એન. શુકલ**
**ગાંધીનગર સાહિત્યસભા, સભ્ય**

●●●


આપણામાં કહેવત છે કે 'દયા ડાકણ ને ખાય' ભિખારી પર દયા ખાઈને એને કંઈક આપીએ ત્યારે આપણે સમાજને કોરી ખાતી. ..નામોશી આપતી અને આળસ વૃત્તિને...બેફિકરાઈ ને સીધું પ્રોત્સાહન આપી ભિક્ષુક વૃત્તિના દૂષણ ને પોષીએ છીએ..સમાજને મોટું નુકસાન કરીએ છીએ...સરકારે પણ ભીખ માગવી એને ગુનો ગણ્યો છે..અને આ વૃત્તિને ડામવાના આશયથી



ખરેખર ભીખ માગવા સુધી જવું પડે એવા નિરાધાર.. અશક્તો માટે ભિક્ષુક ગૃહ શરૂ કર્યા છે..પરંતુ એનો અમલ કરાવવામાં...ભિક્ષુક વૃત્તી ના દુષણ ને ડામવામાં સરકાર નિષ્ફળ..બેદરકાર પુરવાર થઈ છે. બીજા શહેરોમાંથી હાંકી કઢાયેલા ભિખારીઓ ગાંધીનગર જેવા ભદ્ર શહેરમાં આવીને માહોલ..શહેરની શાખ બગાડી રહ્યા છે...દબાણ તંત્રની બેદરકારીને લીધે અહીં ફૂટપાથો..મેદાનોમાં રીતસરની ભિખારી વસાહતો જામી ગઈ છે..બધો વાંક તંત્ર નો છે...ભિખારી તો આદત કે સંજોગો થી મજબૂર છે... પણ મહાનગરપાલિકા.. કલેકટર.. કે પોલીસ ને કઈ મજબૂરી છે કે શહેરની દશા બગડે છે છતાં ચૂપ છે? આમને આમ ચાલ્યું તો તો સ્માર્ટ સિટી ના સપના ભૂલી જાઓ...ભિખારીઓ ના ભરાવા થઈ ને ગાંધીનગર ભિખારીઓની નગરી તરીકે પંકાઈને વગોવાય વાર નહિ લાગે...એટલે..અલ્લા કે નામ પે..ભગવાન કે નામ પે..સમયસર ઠીક કરી લેજો સરકાર માઈ બાપ..!

**- નીતિનભાઈ પટેલ, સિનિયર પત્રકાર**

●●●



ગાંધીનગરમાં રેડ લાઈટ થતા જ ભીખ માગવા માટે નાના બાળકો અને અન્ય લોકોના ટોળા જોવા મળી રહ્યા છે જે ખરેખર ખુબ જ ગંભીર બાબત છે, જે તાત્કાલિક તે થતુ અટકાવવુ જોઈએ, તેમને ખરેખર પૈસા આપવા જોઈએ નહિ. તાત્કાલિકમાં એક બેન સાથે કરેલ અભદ્ર વર્તન બિલકુલ ચલાવી લેવુ જોઈએ નહિ, તેમની સામે આપણે પોતે વિરોધ વ્યક્ત કરીને આ પ્રકારની પ્રવૃત્તિઓ માટે કાયદેસરની કાર્યવાહી કરવી જોઈએ. તે લોકો દયામણું વર્તન કરી ને આપણો ગેરલાભ લઈ જતા હોય તેને અટકાવવો જોઈએ.

**- વિમલ.કે.કાંટાવાળા (શાહ),**
**આસીસ્ટન્ટ પબ્લિક પ્રોસીક્યુટર**



ખેલ મહાકુંભ તાલુકા કક્ષાની વોલીબોલ સ્પર્ધા મહાત્મા ગાંધી વિદ્યાલય સેકટર- ૧૬ ખાતે યોજાઈ હતી. તેમાં જે એમ ચૌધરી સાર્વજનિક કન્યા વિદ્યાલય ની અંડર -૧૪-૧૭ ની બહેનોએ પ્રથમ નંબર પ્રાપ્ત કર્યો હતો. આ વિદ્યાર્થીની બહેનોને શાળાના આચાર્ય રમીલાબેન એસ. ચૌધરી તેમજ સમગ્ર શાળા પરિવારે ખૂબ ખૂબ અભિનંદન પાઠવ્યા હતા. આ બહેનો જિલ્લા કક્ષાએ પોતાનું પ્રતિનિધિત્વ કરશે.

## વર્લ્ડ વોટર ડે નિમિત્તે સરકારી પ્રાથમિક શાળા, બોરીજ ખાતે રોટરી કલબ ઓફ કેપિટલ, ગાંધીનગર દ્વારા કાર્યક્રમ યોજાયો



ગાંધીનગર, તા.૨૨

ગાંધીનગરના આંગણે આવેલ બોરીજ સ્થિત સરકારી પ્રાથમિક શાળા ખાતે સુંદર કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં સંસ્થાના પૂર્વ પ્રમુખ મનોજભાઈ સરૈયા દ્વારા વિશ્વમાં પાણીની જરુરિયાત અને વર્તમાન સમયમાં પાણીની ગંભીરતા વિશે ખૂબ જ સુંદર વક્તવ્ય રજૂ કરવામાં આવ્યું હતું. તેઓએ અનેક ટૂચકાઓ, નાનકડી પ્રવૃત્તિઓ, રમૂજી ગેમ્સ અને વિવિધ સ્લોગનો દ્વારા બાળકો સહિત ઉપસ્થિત તમામ ગ્રામજનોને પાણી વિશે રસપ્રદ માહિતી પૂરી પાડી હતી. આ પ્રસંગે શાળા પરિવાર અને એન.એસ.એસ.ના વિદ્યાર્થીઓ દ્વારા પાણી બચાવો અંગેના બેનર્સ પણ ડીસપ્લે કરવામાં આવ્યા હતા. આ વક્તવ્યનો લાભ ૭૫૦ જેટલી લાભાર્થીઓએ લીધો હતો.

કાર્યક્રમમાં સંસ્થાના પ્રમુખ અમીબેન શાહ, સેક્રેટરી પાર્થ ઠક્કર, રોટે. મનોજભાઈ સરૈયા, રોટે. શ્રી વી. એલ. પટેલ, રોટે. અંકુર પરમાર સહિત ડો. વર્ષાબેન પારેખ, બોરીજ પ્રાથમિક શાળા આચાર્યા તેમજ શિક્ષકો, સ્ટાફ, એન.એસ.એસ.ના વિદ્યાર્થીઓ સહિત અનેક મહાનુભાવોનો ઉપસ્થિત રહ્યા હતા.

## જે.બી. પ્રાથમિક શાળામાં ૧૨ થી ૧૪ વર્ષના બાળકો માટે રસીકરણ કેમ્પનું આયોજન



ગાંધીનગર, તા.૨૨

જે.બી. પ્રાથમિક શાળામાં શાળાના ૧૨થી ૧૪ વર્ષના બાળકો માટે કોવિડ-૧૯ (કોર-બે) રસીકરણ કેમ્પ ચાલુ કરવામાં આવ્યો છે જેમાં બે દિવસમાં શાળાનાં ૨૦૫ જેટલા વિદ્યાર્થીઓને રસી આપવામાં આવી હતી. વિદ્યાર્થી અને વાલીઓએ બાળકોનાં રસીકરણ કાર્યમાં ઉત્સાહથી ભાગ લઈ સહકાર આપ્યો હતો.

ઉપસ્થિત વાલીઓએ રસીકરણ કાર્યની વ્યવસ્થા બદલ સરકારના આરોગ્ય કેન્દ્રના કર્મચારીઓ તથા શાળાની પ્રસંશા કરી કાર્યને બિરદાવ્યું હતું. શાળાના આચાર્યા નીવાબેન પટેલે સરકાર તથા આરોગ્ય કર્મચારીઓ તથા વાલીઓ તથા વિદ્યાર્થીઓ સહકાર બદલ આભાર સહઅભિનંદન પાઠવ્યા હતા.

## ગાંધીનગર ભાવસાર મિત્રમંડળના હોદ્દેદારોની નિમણુંક

ગાંધીનગર, તા.૨૨

ભાવસાર મિત્રમંડળની કારોબારી સમિતિની બેઠક મળી હતી. જેમાં વર્ષ ૨૦૨૨થી નવી કારોબારી તથા નવા હોદ્દેદારોની સર્વાનુમતે નિયુકિત કરવામાં આવી હતી. જેમાં પ્રમુખ તરીકે રાજેશભાઈ દશરથલાલ ભાવસાર, મંત્રી તરીકે જયપ્રકાશ ચીમનલાલ ભાવસાર, ઉપપ્રમુખ તરીકે જનકભાઈ ચીનુભાઈ ભાવસાર, ધર્મેન્દ્રકુમાર મહેન્દ્રભાઈ ભાવસાર, સહમંત્રી તરીકે જગદીશભાઈ ચીમનભાઈ ભાવસાર, રાકેશભાઈ મનુભાઈ ભાવસાર, ખજાનચી તરીકે ગોવિંદભાઈ ચુનીલાલ ભાવસાર, ઓડિટર તરીકે વસંતભાઈ ગોરધનદાસ ભાવસાર અને કારોબારી સભ્યો યથાવત રાખવામાં આવ્યા છે.

## શ્રી સ્વામિનારાયણ ઈન્સ્ટીટયુટ ખાતે રિસેંટ ટ્રેન્ડસ ઈન કોંકરિટ ટેકનોલોજી પર સેમિનાર યોજાયો



ગાંધીનગર, તા.૨૨

શ્રી સ્વામિનારાયણ ઈન્સ્ટિટયૂટ ઓફ ટેકનોલોજી ભાટ, ગાંધીનગર ખાતે રિસેંટ ટ્રેન્ડસ ઈન કોંકરિટ ટેકનોલોજી વિષય પર આજરોજ સેમિનારનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં અંબુજા સિમેન્ટના ગુજરાત રાજયના ટેકનિકલ હેડ હિતેશ બારોટ દ્વારા કોંકરિટ વિષય પર વિશેષ જાણકારી આપવામાં આવી હતી તથા મુખ્ય અતિથિ તરીકે ઉમેશ પટની (એચઓડી સિવિલ, જીપી અમદાવાદ) હાજર રહ્યા હતા અને માર્ગદર્શન આપ્યું હતું.

## સરકારી વિજ્ઞાન કોલેજ ખાતે પ્રોફેશનલ સર્ટીફીકેટ પ્રગ્રામનો શુભારંભ



ગાંધીનગર, તા.૨૨

સરકારી વિજ્ઞાન કોલેજ, સેકટર-૧૫, ગાંધીનગર ખાતે નોલેજ કોન્સોર્ટિયમ ઓફ ગુજરાત (કેસીજી), સરકારી વિજ્ઞાન કોલેજ-ગાંધીનગર તેમજ ISTEM કલેકિટવ ફાઉન્ડેશનના સંયુકત ઉપક્રમે કોલેજના વિદ્યાર્થીઓ માટે આયોજિત પાંચ દિવસીય પ્રોફેશનલ સર્ટીફીકેટ પ્રોગ્રામ 'સ્ટીમ બેઝડ ટ્રેનીંગ ફોર ધ સ્કીટ એન્હેસમેન્ટ'નો શુભારંભ કરવામાં આવ્યો છે.



ખેલમહાકુંભ ૨૦૨૧-૨૨ અંતર્ગત શરુ થયેલ ગાંધીનગર ગ્રામીણ જિલ્લા કક્ષાની અંડર ૧૪ બહેનોની બાસ્કેટબોલ સ્પર્ધામાં ગાંધીનગર ઈન્ટરનેશનલ પબ્લિક સ્કૂલની ટીમ દ્વિતિય નંબર પ્રાપ્ત કરી વિજેતા બની હતી અને રાજયકક્ષાની સ્પર્ધા માટે પસંદગી પામી હતી.



સરકારી પ્રાથમિક શાળા સેક્ટર ૩૦ ખાતે વિશ્વ જળ દિવસ નિમિત્તે વકતૃત્વ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું વિદ્યાર્થીઓને જળ એ જ જીવન, પાણીનું મહત્વ આપણા જીવનમાં પાણીની અગત્યતા, પાણીના પ્રદૂષણ થી થતુ નુકશાન વગેરેની ખૂબ જ સુંદર માહિતી આપવામાં આવી હતી.



માં મેલડી આનંદ ગરબા મંડળ સેકટર-૩ સી માં મધુબેન કે. કડીકરનાં સુરમધુર કંઠે આનંદનો ગરબો યોજાયો હતો જેમાં મોટી સંખ્યામાં ભાવિ ભક્તો ઉપસ્થિત રહ્યા હતા.

# શહેરમાં જામતો પરીક્ષાનો માહોલ

## માર્ચ, એપ્રિલ, મે માસમાં વિવિધ પરીક્ષાનો દોર યથાવત

**૨૬ માર્ચ - વિસ્તરણ અધિકારી કૃષિ**
**૨૬ માર્ચ - પશુધન નિરીક્ષક**
**૨૭ માર્ચ - વન રક્ષકની પરીક્ષા**
**૨૮ માર્ચ - ધો-૧૦ અને ૧૨ની પરીક્ષા**
**૧૦ એપ્રિલ - કોન્સ્ટેબલ**
**૨૪ એપ્રિલ - બિન સચિવાલય**
**૩૦ એપ્રિલ - આંકડા મદદનીશ**
**૮ મે - નાયબ હિસાબનીશ**
**૮ મે - જુનિયર ફાર્માસિસ્ટ**
**૧૫ મે - સમાજ કલ્યાણ નિરીક્ષક**
**૧૫ મે - વિસ્તરણ અધિકારી**
**૨૨ મે - વિભાગીય હિસાબનીશ**



ગાંધીનગર, તા.૨૨

શહેરમાં પરીક્ષાઓનો દોર ચાલી રહ્યો છે. વિદ્યાર્થીઓ પરીક્ષાઓની તૈયારીઓમાં લાગી પડયા છે. માર્ચ, એપ્રિલ, મે માસમાં દર રવિવારે પરીક્ષાનું આયોજન કરવામાં આવ્યું છે. જેથી શહેરમાં પરીક્ષાર્થીઓ રાત-દિવસ વાંચનમાં લાગી ચુકયા છે.૨૭ માર્ચે ફોરેસ્ટ ગાર્ડની પરીક્ષા યોજાવાની છે. આ ઉપરાંત ધો-૧૦ અને ૧૨ની બોર્ડની પરીક્ષા ૨૮ માર્ચથી શરૂ થવા જઈ રહી છે ત્યારે શાળાના આ વિદ્યાર્થીઓ પણ બોર્ડની પરીક્ષાની આખરી તૈયારીઓમાં દમ લગાવીને મહેનત કરી રહ્યા છે. સાથે સાથે વાલીઓ પણ પરીક્ષાના કારણે વિદ્યાર્થીઓને મદદરૂપ બની રહ્યા છે.

શહેરમાં વિવિધ સંવર્ગની ભરતીની પરીક્ષાઓના કારણે લાયબ્રેરીમાં પરીક્ષાર્થીઓની ભીડ જોવા મળી રહી છે. સવારથી મોડી રાત સુધી પરીક્ષાર્થીઓ વાંચન કરી રહ્યા છે. દર રવિવારે કોઈકને કોઈક પરીક્ષા હોવાથી વિદ્યાર્થી વર્ગમાં ટેન્શન અને સ્ટ્રેસનો માહોલ પણ જોવા મળી રહ્યો છે. કોચિંગ કલાસમાં પણ પરીક્ષાર્થીઓ રીવિઝનના મુડમાં જોવા મળી રહ્યા છે. આમ શહેરમાં પરીક્ષાનો માહોલ છવાયો છે.

## ચિરવિદાય

● મુકિતધામ ●

- **સ્વ. ઠાકોર સોમાજી બળદેવજી,** ઉ.વ. ૪૫, ચાંદીસણા, માણસા
- **સ્વ. બિહોલા જીવીબા દીપુજી,** ઉ.વ. ૮૩, પેથાપુર
- **સ્વ. રાઠવા સુખરામભાઈ કેશીયાભાઈ,** ઉ.વ. ૪૧, ચિચોડ, છોટાઉદેપુર

## જન્મદિને વધામણી



**સી કે મેસરિયા**
**મો. ૯૯૨૪૧ ૨૨૪૮૩**



**દેવ્યાની સરવૈયા**
**મો. ૭૬૦૦૧ ૮૬૨૨૯**



**પ્રણવ દિગીશકુમાર રાજ**